## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



અમે આવશુ તો ઓલાથીય મોટુ રણ બનાવીશુ અને એનાથીય મોટો રણોત્સવ કરીશુ...!!

# શહેરના ચ-માર્ગ પર દારૂ ભરેલી કાર સ્કુલવાન પાછળ ટકરાઈ

## તમામ બાળકોનો આબાદ બચાવ, અકસ્માત બાદ કાર મુકી ચાલક ફરાર







ગાંધીનગર, તા.૨૯

શહેરના ચ માર્ગ પર જિલ્લા પંચાયત પાસે સવારના સુમારે સ્કુલવાનને સ્વીફ્ટ કારે ટક્કર મારી હતી. અકસ્માતને પગલે સ્કુલવાનમાં રહેલા બાળકોએ હોહા કરી મુકી હતી. જયારે બે બાળકોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.જયારે સ્કુલવાનનો પાછળના ભાગનો ખુડદો બોલાઈ ગયો છે. જયારે કાર ચાલક અકસ્માત બાદ નાસી ગયો હતો. સ્વીફ્ટ કાર ધડાકાભેર વાનને પાછળથી ટકરાતા સ્થાનિક નગારીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે કારમાં પોલીસ તપાસ કરતા ૬૭૮બોટલ દારૂ અને બિયરના ૯૫ ટીન મળી આવ્યા હતા. પોલીસે કાર અને દારૂ મળી કુલ રૂ.૪.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે શહેરના તમામ પ્રવેશ દ્વાર પર પોલીસ ટીમો દ્વારા સઘન વાહન ચેકીંગ હોવા છતા આ દારૂ ભરેલી ગાડી કેવી રીતે શહેરમાં પ્રવેશી તે પ્રશ્ન પણ સૌ નગરજનોને સતાવી રહ્યો છે.

રાજયમાં વિધાનસભાની ચુંટણી હોવાથી દારૂ પકડવા માટે પોલીસ સતત દોડાદોડી કરી રહી છે. ત્યારે રાજયના મોટા શહેરોના તમામ પ્રવેશદ્વારો પર નાકા પોઈન્ટ પર વાહનચેકીંગની સઘન કાર્યવાહી ચાલી રહી છે. તેમ છતાય દારૂ ભરેલી ગાડીઓ પાટનગરના સચિવાલય સુધી પહોંચી જાય છે તે વાત નવાઈ પમાડે છે. આજે સવારના પોણા આઠ વાગ્યાના અરસામાં એરફોર્સ સ્કુલના બાળકોને લઈને શાળાએ જતી વાનને ચ માર્ગ પર જિલ્લા પંચાયત પાસે અકસ્માત નડ્યો હતો. ચ-૫ તરફથી આવી રહેલી સ્વીફ્ટ ડીઝાયર કાર નં. જી.જે.૦૧.આર.એન.-૭૩૧૧ ના ચાલકે સ્કુલવાન નં.જી.જે.૧૮.એ.સી.-૮૫૧૩ ને પાછળથી ધડાકાભેર ટકરાઈ હતી. જેથી સ્કુલવાનમાં રહેલા બાળકોએ હોહા કરી મુકી હતી. જયારે વાનમાં રહેલા બે બાળકોને સામાન્ય ઈજા પહોંચી હતી, તેમજ અન્ય બાળકોનો આબાદ બચાવ થયો હતો. જયારે ચાલક અકસ્માત બાદ કાર મુકીને નાસી ગયો હતો.જયારે વાન અને સ્વીફ્ટને ભારે નુકશાન થયુ હતું.

બનાવની જાણ થતા એરફોર્સના બાળકોના વાલીઓ તેમજ રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. જયારે કારમાં દારૂ ભરેલી જોઈ નાગરીકો પણ ચોંકી ઉઠ્યા હતા. જયારે પોલીસ પેટ્રોલીંગ સામે પણ અનેક સવાલ ઉભા થવા પામ્યા છે. જયારે પોલીસ જવાનો હદ વિસ્તારને લઈ પણ મુંજવણમાં મુકાયા હતા.ત્યારબાદ સેકટર-૭ પોલીસ દારૂ ભરેલી કારને ક્રેઈન બોલાવી પોલીસ મથકે લઈ ગઈ હતી.જયારે પોલીસે કારમાં ઝીણવટભરી તપાસ કરતા વિદેશી દારુની ૬૭૮ બોટલ તેમજ ૯૫ બિયરના ટીન મળી આવ્યા હતા.પોલીસે દારુ અને ગાડી મળી કુલ રૂ.૪.૫૦ લાખના મુદ્દામાલ કબ્જે કરી વિવિધ દીશામાં તપાસ શરુ કરી છે.

## શહેરમાં દારૂ ભરેલી કાર પ્રવેશી કેવી રીતે...!?

ગાંધીનગર, તા.૨૯

શહેરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસ તંત્ર દ્વારા તમામ નાકા પોઈન્ટ પર સઘન વાહનચેકીંગ થાય છે. ચુંટણીનો માહોલ હોવાથી પોલીસ દ્વારા ખાસ તકેદારી લઈ વાહન ચેકીંગ કરવામાં આવે છે. તેમ છતા શહેરમાં દારૂ ભરેલી કાર કેવી રીતે અંદર આવી તે મોટો પ્રશ્નાર્થ છે. જયારે સામાન્ય નાગરીકોને તો વાહન ચેકીંગમાં અટપટા પ્રશ્નો પુછાતા હેરાનગતિનો જ સામનો કરવો પડે છે. ત્યારે સચિવાલય સામે થી દારૂ ભરેલી કાર ઝડપાતા ગાંધીનગર પોલીસ ઉંઘતી ઝડપાઈ હોય તેમ લાગી રહ્યું છે. રાજયમાં દારૂબંધી હોવા છતા પાટનગરના સચિવાલય સામે આટલી મોટીમાત્રામાં દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર પહોંચી શકે તે મોટી બાબત છે. ત્યારે આ અંગે પોલીસ તંત્ર દ્વારા યોગ્ય તપાસ થાય તેવી માંગ નગરજનો દ્વારા ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

● રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીએ આજે વિડીયો કોન્ફરન્સ કરી જિલ્લાઓમાં ચૂંટણીની તૈયારીઓ અંગેની સમીક્ષા કરી હતી.

● જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી વ જિલ્લા કલેક્ટરે આજે પાંચેય બેઠકના ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોની ગણતરી સે. ૧૫ના કોલેજ કેમ્પસમાં થવાની હોવાથી અધિકારીઓએ તેની તૈયારી માટે મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● શહેર-જિલ્લામાં આજે ૩૦થી પણ ઓછી વ્યક્તીઓને કોરોનાના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● આજે હિસાબો રજુ કરવાના બીજા તબક્કાને લઈ એકાઉન્ટના અધિકારીઓ સતત વ્યસ્ત રહ્યા હતા.

● નવગુજરાત લૉ કોલેજ સે. ૨૮ ખાતે સંવિધાન દિવસની ઉજવણી કરાઈ હતી.

● મુક્તિધામ સે. ૩૦ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

● સે. ૭ની જે.એમ. ચૌધરી શાળામાં તુલસી પૂજન દિવસની ઉજવણી કરાઈ હતી.


● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ રાયસણ ગામે પાણીનું લીકેજ રિપેરીંગમાં તંત્રની ઉદાસીનતાથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.

● ગાંધીનગર શહેરની સીટી બસો નિયત કરેલા સ્ટેન્ડ પર નહિ ઉભી રહેતી હોવાની ફરિયાદો ઉઠી છે.

● શહેરમાં આંતરિક માર્ગો તેમજ ખુલ્લા પ્લોટોની સફાઈ નિયમિત નહિ થતી હોવાની તેમજ જાહેરમાં કચરો સળગાવવાની ફરિયાદો ઉઠી છે.

● ગાંધીનગર શહેરની વિવિધ કચેરીઓમાં ચૂંટણીને લઈ કર્મચારીઓની ઓછી સંખ્યા જોવા મળી રહી છે.

## ૨૯ નવેમ્બર સેવક ઠક્કરબાપાનો જન્મદિવસ



ગાંધીનગર,તા.૨૯

આજે ૨૯ નવેમ્બર. વર્ષ ૧૮૬૯. આજીવન મૂક સેવક ઠક્કર બાપા નો જન્મદિવસ. આખું નામ. અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર. ભાવનગર ના. પંચમહાલ ને કાર્યક્ષેત્ર બનાવ્યું. ઈજનેરી નું ભણેલા અને રેલવે માં નોકરી. ગોપાલ કૃષ્ણ ગોખલે ની પ્રેરણા થી આદિ જાતિ ની સેવા કરવા લાગ્યા. આદિ જાતિ ને આદિવાસી નામ એમણે આપ્યું. એમના ઉત્થાન માટે કાર્ય કર્યું. એમની દારુની લત અને કુટેવો છોડાવી.? પંચમહાલ ભીલ સેવા મંડળ અને ભારતીય આદિ જાતિ સેવક સંઘ ની સ્થાપના કરી. ગાંધીજી ની પ્રેરણા થી હરિજન સેવા સંઘ થકી આજીવન સેવા કરી. એમની સ્મારક ટિકિટ બહાર પડી. નિષ્કામ સેવા કરી. અમદાવાદ માં ઠક્કરબાપા નગર તેનું સ્મૃતિ ચિહ્ન છે..

# રૂ.૧૫ હજારની લાંચ લેતા વચેટીયો ઝડપાયો

## નારદીપુર બાવળના વૃક્ષ દુર કરવા લાંચની માંગણી કરાઈ હતી, વચેટીયો ઝડપાતા ફોરેસ્ટર અંડરગ્રાઉન્ડ થઈ ગયો,



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના નારદીપુર ગામમાં દશ વીઘા જમીનની આગળ આવેલી વનવિભાગની જગ્યામાં નડતરરૂપ બાવળના વૃક્ષને દુર કરવાની અવેજ પેટે ફેકટરી માલિક પાસે રૂ.૫૦ હજારની લાંચની માંગણી કરાઈ હતી. જયારે વાતચીત બાદ રૂ.૨૦ હજારમાં ડીલ નક્કી કરનાર કલોલ નારદીપુર નર્સરીમાં ફરજ બજાવતા ફોરેસ્ટર વિકાસ ચૌધરીના વચેટીયા સુનિલ દંતાણીને ગાંધીનગર એસીબીની ટીમે ઘ-૫ સર્કલ પાસે છટકુ ગોઠવી રૂ.૧૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ત્યારે બનાવની જાણ થતા વનવિભાગની કચેરીમાં સોંપો પડી ગયો હતો.જયારે ફોરેસ્ટર વિકાસ ચૌધરી અંડરગ્રાઉન્ડ થઈ ગયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના કલોલ નારદીપુરમાં ફેકટરી માલિકની ૧૦ વીઘા જમીન આવેલી છે. જે જમીન આગળ ફોરેસ્ટની જગ્યામાં બાવળીયાના વૃક્ષ છે. આ નડતરરૂપ વૃક્ષ દુર કરવા માટે ફેકટરીના માલિકે વનવિભાગની જગ્યામાં કામ કરી રહેલા સુનિલ દંતાણીને મળ્યા હતા. જેથી સુનિલે આ માટે તેના કલોલ નારદીપુર નર્સરીમાં ફરજ બજાવતા ફોરેસ્ટર વિકાસ ચૌધરીનો સંપર્ક કરવા માટે જણાવ્યું હતું. જેથી વન વિભાગના અધિકારીનો ફેકટરી માલિક કચેરીએ જઈને મળ્યા હતા. વનવિભાગની જમીનમાંથી બાવળના ઝાડ દુર કરવા માટે રૂ.૫૦ હજારની ડીલ નક્કી થઈ હતી. જો કે વાટાઘાટોને પગલે રૂ.૨૦ હજારમાં ડીલ નક્કી થઈ હતી. જેથી ફેકટરી માલિક પાસેથી રૂ.૫ હજાર સુનિલ અગાઉ લઈ આવ્યો હતો. જયારે બાકીના ૧૫ હજાર કામ પુરુ થયા પછી આપવાની વાત થઈ હતી. ફેકટરી માલિક બીજા રૂપીયા આપવા માંગતા ન હતા. જેથી એસીબીનો સંપર્ક કર્યો હતો. જેથી એસીબીના મદદનીશ નિયામક આશુતોષ પરમારના સુપરવિઝન હેઠળ ગાંધીનગર એસીબી પીઆઈ એચ.બી.ચાવડાએ ટીમ સાથે ઘ-૫ સર્કલ પાસે ટ્રેપનું આયોજન કરાયુ હતું. ત્યારે વનવિભાગના અધિકારી વિકાસ ચૌધરીના કહેવાથી વચેટીયો (મજુર) સુનિલ દંતાણી બાકીના લાંચના રૂપીયા લેવા માટે આવ્યો હતો. જયાં ફેકટરીના માલિક સાથે વાતચીત કરી રૂ.૧૫ હજાર લેતા જ એસીબીની ટીમે તેને રંગેહાથ પકડી પાડ્યો હતો. જયારે લાંચના રૂપીયા મળી ગયા અંગે સુનિલે ફોરેસ્ટર વિકાસ ચૌધરીને પણ જાણ કરી હતી. એસીબી પોલીસે સુનિલને કોર્ટમાં રજુ કરતા રીમાન્ડ માંગતા કોર્ટ દ્વારા તા.૧ ડિસેમ્બર સાંજના ૫ કલાક સુધીના રીમાન્ડ મંજુર કરાયા છે.

## આજે સેક્ટર-૨૨માં સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ભાસ્કર જૂથના ચેરમેન સ્વ. રમેશચંદ્ર અગ્રવાલના ૭૮મા જન્મદિને (પ્રેરણા દિવસ) નિમિતે આવતીકાલે એટલે કે તા. ૩૦ નવેમ્બરના રોજ દેશભરમાં ૨૨૦ સ્થળે રક્તદાન શિબિર આયોજીત કરાઈ છે. સ્વ. રમેશજીના સેવાકાર્યોને આગળ વધારતી આ રક્તદાન શિબિર વિવિધ શહેરોમાં યોજાશે, જેમાં ગાંધીનગરમાં પણ સેક્ટર ૨૨માં બ્લોક નં-૧૪ સ્થિત એકત્રિત કરાયેલું રક્ત જે-તે શહેરની સરકારી બ્લડ બેંકોને ડોનેટ કરાશે જેથી જરૂરિયાતમંદોને તેનો લાભ મળી શકે.

ગાંધીનગર સેક્ટર-૨૨માં બ્લોક નં-૧૪ સ્થિત દિવ્યભાસ્કરની ઓફીસ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. હેપ્પી યુથ કલબ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકના સહયોગથી આવતીકાલે સવારે ૯થી ૧૨ દરમિયાન આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે. આરોગ્ય નિષ્ણાતોના મતે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ ૪૫ કિલોથી વધુ વજન ધરાવતા તેમજ જેમની ઉંમર ૧૮થી ૬૫ વર્ષની વચ્ચે છે તેઓ રક્તદાન કરી શકે છે. રક્તદાન કરવાની બ્લડ સેલ્સ ઝડપથી બને છે. રક્તદાન એક નાગરિકના રૂપમાં આપણી સામાજિક ભૂમિકાની રીતે મહત્વનું છે. રક્તદાનથી તમે કોઈનું જીવ બચાવી શકો છો. આ સંતોષ આપણા જીવનમાં આનંદનો સંચાર કરે છે. તમારુ રક્તદાન દુર્ઘટના પીડિત દર્દીઓ, ગર્ભવતીઓ, થેલેસેમિયા અન્ય અન્ય ગંભીર બીમારીથી પીડિત દર્દીઓનું જીવન બચાવી શકે છે. હેપ્પી યુથ કલબના સહયોગથી આયોજીત રક્તદાન શિબિર સાથે જોડાયેલી કોઈપણ માહિતી અને રક્તદાન માટે આશિષ મકવાણા મોબાઈલ નં-૯૯૦૪૯૨૮૦૮૭ પર સંપર્ક કરી શકાશે.

**This may be published in Newspapers and TV from the day following the last date for withdrawal of candidature and upto two days before the date of poll.** **Format-C-1**

***(for candidate to publish in Newspapers,TV)***

**Declaration about criminal cases**

*(As per the judgment dated 25th September, 2018 of Hon'ble Supreme Court in WP (Civil) No.536 of 2011(Public Interst Foundation & Ors. Vs. Union of India & Anr.)*

Name and Address of candidate : ALPESHKUMAR NARESHBHAI PATEL

Name of the Political Party : AAM AADMI PARTY

(Independent Candidates should write “Independent” here)

Name of the Election : GUJARAT LEGISLATIVE ASSEMBLY

* Name of the constiuency : 33 - PRANTIJ

I **ALPESHKUMAR NARESHBHAI PATEL** (name of candidate), a candidate for the above mentioned election, declare for public information the following details about my criminal antecedents :

**(A) Pending criminal cases**

| Sl.No. | Name of Court | Case No. and dated | Status of case(s) | Section(s) of Acts concerned and brife description of offence(s) |
|---|---|---|---|---|
| 1 | 3rd Addl.Civil Judge a JMPC | 236/2020 08/01/2020 | Evidence of Prosecution | Negotiable Instrument Act.1881 Section-138 |

**(B) Details about cases of conviction for criminal offences**

| Sl.No. | Name of Court & date(s) of order(s) | Description of offence(s) & Punishment Imposed | Maximum Punishment Imposed |
|---|---|---|---|
| Nil | NIL | NIL | NIL |

* In the case of election to Council of States or election to Legislative Council by MLAs, Mention the election concerned in place of name of constituency.

